# જીટીયુ પ્લેસમેન્ટ ફેર : ૭૯ કંપનીઝ, ૧૪૫૦ જોબ ઓફર




ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) તરફથી આઠમા સેન્ટ્રલાઈઝ ફાર્મસી પ્લેસમેન્ટ ફેરનો આજથી જીટીયુના ચાંદખેડા કેમ્પસમાં પ્રારંભ થયો છે. આ મહા નોકરી ભરતી મેળામાં ૭૯ કંપનીઓ તરફથી ૧૪૫૦ નોકરીની ઑફર કરવામાં આવી રહી છે, એમ જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો.(ડૉ) નવીન શેઠે જણાવ્યું હતું.

ફાર્મસી પ્લેસમેન્ટ ફેરના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે એસ્ટ્રલ ફાર્માસ્યુટિકલના ચીફ એક્ઝિક્યુટિવ કેતન નાયક ઉપસ્થિત હતા. તેમણે વિદ્યાર્થીઓને દુનિયાના લેટેસ્ટ પ્રવાહોથી વાકેફ રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ફાર્મસીનો અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓએ અન્ય ક્ષેત્રોના વિકલ્પો વિશે પણ વિચારવું જોઈએ. સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત આઈપીઆર નિષ્ણાત અને એક્યુપ્રેક રિસર્ચ લેબ્સના બોર્ડ ઑફ એડવાઈઝર્સના અધ્યક્ષ પદ્મીન બુચે જણાવ્યું હતું કે જીટીયુ ફાર્મસી પ્લેસમેન્ટ ફેરમાં દર વર્ષે વિદ્યાર્થીઓ અને નોકરી ઑફર કરતી કંપનીઓની સંખ્યામાં વધારો થતો રહ્યો છે તે આનંદની વાત છે. આનાથી ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચેનો સેતુ મજબૂત બની રહ્યો છે. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે નજીકના ભવિષ્યમાં પેટન્ટ અને ઓટોમેશન જેવા ક્ષેત્રો ફાર્મા ક્ષેત્રમાં મહત્વના બની રહેશે. તે બાબતને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ સતત કંઈ ને કંઈ નવું નવું શીખતા રહેવું જોઈએ. અભ્યાસક્રમમા કરવામાં આવી રહેલા ફેરફારોને પગલે હવે જીટીયુના વિદ્યાર્થીઓની રોજગાર ક્ષમતા વધશે.

જીટીયુ પ્લેસમેન્ટ ફેરના કો-ઓર્ડીનેટર અમિત પટેલે જણાવ્યું હતું કે આ વખતે વિદ્યાર્થીઓને વિવિધ મુદ્દે ખાસ કરીને નોકરી મેળવવામાં ઉપયોગી થાય એવા કૌશલ્યોથી સુસજ્જ બનાવવા બાયસેગના સહયોગથી રિપ્લેસમેન્ટ વર્કશોપના વિડીયો લેક્ચરોનુ રેકૉર્ડિંગ કર્યું હતું અને તેનો વધુમાં વધુ પ્રસાર કરવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી


જતીન દવે
મો. ૮૩૪૭૫ ૫૫૪૨૬


અશ્વિનભાઈ વી દેસાઈ
મો. ૯૧૭૩૬ ૩૦૩૭૨


વૈભવ ચિરાગભાઈ વ્યાસ
મો. ૯૯૦૯૮ ૩૫૬૬૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોનો વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### શ્રી જલીયાણ સેવા ગૃપ દ્વારા

# વડીલો-બાળકો માટે સેવાકાર્યોની સરવાણી






ગાંધીનગર, તા. ૨૫

શ્રી જલીયાણ સેવા ગૃપ દ્વારા જરૂરિયાતમંદ બાળકો તેમજ વડીલોને ગરમીથી આંશિક રાહત મળી રહે તેવા શુભ આશય સાથે મગોડી-રાહેલબા વૃધ્ધાશ્રમ, સે. ૬-ક્રિષ્ણા વૃદ્ધાશ્રમના વડીલોને તેમજ સે.૧૩, સે. ૧૪, સે.૨૭ની આંગણવાડીના બાળકોને, સે.૩, શોપીંગ સેન્ટરની બાજુમાં શ્રી જય ભીમ ટ્રસ્ટ દ્વારા છાપરામાં રહેતા શ્રમજીવી પરિવારના બાળકો માટે નિઃશુલ્ક ચલાવવામાં આવતા ટયુશન ક્લાસમાં શિક્ષણ મેળવતા બાળકોને, સે.૨૩/૨૮ ચાર રસ્તા પાસે ફૂટપાથ પર સોમાકાકા પાસેથી નિઃશુલ્ક શિક્ષણ મેળવતા શ્રમજીવી પરિવારનાં બાળકોને તેમજ શ્રી જલારામ મંદિરમાં ચાલતા સદાવ્રતમાં ભોજનપ્રસાદ માટે આવતાં બાળકોને પૂ. શ્રી જલારામ બાપાની પ્રસાદીરૂપ ટોપીનું વિતરણ કરવામાં આવેલ. સાથોસાથ છાશ, ચણા, બિસ્કિટ, ચોકલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## વસંતકુંવરબા કન્યા વિદ્યાલયનું ધો.૧૨નું પરિણામ ૯૧.૭૫ ટકા

ગાંધીનગર, તા. ૨૫

બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયનું એસએસસી સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૭૫ ટકા આવ્યું છે.

શાળાનાં વિદ્યાર્થિની જહાનવી પ્રભુભાઈ પટેલ ૮૮.૧૩ ટકા સાથે પ્રથમ, જાનવી પ્રભુરામભાઈ પટેલ ૮૩.૦૨ ટકા સાથે દ્વિતીય અને દર્શના ધર્માભાઈ પ્રજાપતિ ૮૦.૬૬ ટકા સાથે શાળામાં તૃતિય ક્રમે ઉત્તીર્ણ થયાં છે. શાળા પરિવારે સૌ ઉત્તીર્ણ થનારી વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

## શ્રી વિદ્યાસાગર હાઈસ્કૂલની વિદ્યાર્થિનીને ૯૯.૯૧ પર્સેન્ટાઈલ

ગાંધીનગર, તા. ૨૫

શ્રી વિદ્યાસાગર પ્રાથમિક શાળા-હાઈસ્કૂલ, નાના ચિલોડામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પાર્થવી હિતેષભાઈ વાઘેલાએ માર્ચ, ૨૦૧૯માં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૯.૯૧ પર્સેન્ટાઈલ મેળવીને શાળામાં અવ્વલ ક્રમ મેળવ્યો છે. તેનું પરિણામ ૯૪.૫૦ ટકા આવ્યું છે.

શાળા પરિવાર દ્વારા ગામ અને જિલ્લાનું ગૌરવ વધારનાર આ તેજસ્વી વિદ્યાર્થિનીને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## બીએ કૉલેજપ્રવેશ માટે ૨૯મીથી રજિસ્ટ્રેશન

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીએ કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ ૨૯ મેથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. યુનિવર્સિટીએ બીએમાં પ્રવેશ કાર્યક્રમ જાહેર કર્યો છે. જેમાં ૨૯ મેથી શરૂ થનારું ઓનલાઈન રજિસ્ટ્રેશન ૪ જૂન સુધી ચાલશે. ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૨૫ મેના રોજ પરિણામ જાહેર થયા બાદ યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરવાનું નક્કી કરાયું છે. ૬ જૂનના રોજ પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરાશે અને ૧૦ જૂનના રોજ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. જ્યારે ૧૨ જૂનથી કોલેજોમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.

શિક્ષણ બોર્ડ ૨૫ મેના રોજ ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરે તે પછી ગુજરાત યુનિવર્સિટી બીએ કોલેજોમાં પ્રવેશ કાર્યવાહી શરૂ કરશે. હાલમાં બીએમાં પ્રવેશ માટે પિન વિતરણની કાર્યવાહી ચાલી રહી છે અને વિદ્યાર્થીઓ ૪ જૂન સુધી પિન લઈ શકશે. વિદ્યાર્થીઓ ૨૯ મેથી લઈને ૪ જૂન સુધી બીએમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૬ જૂનના રોજ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. ત્યાર બાદ મેરિટ લિસ્ટમાં કંઈ ગરબડ જણાય તો વિદ્યાર્થીઓ ૭ જૂનના રોજ તે અંગે રજૂઆત કરી શકશે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૧૦ જૂનના રોજ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. આ યાદી જાહેર થયા બાદ જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો હોય તેમણે ૧૧ જૂનથી ૧૩ જૂન દરમિયાન કોલેજમાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. કોલેજોમાં નવા શૈક્ષણિક સત્રનો ૧૨ જૂનથી પ્રારંભ થશે. ૧૪ જૂનના રોજ પ્રથમ રાઉન્ડના અંતે ખાલી પડેલી બેઠકો જાહેર કરાશે અને ત્યાર બાદ બીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરાશે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીએ કોલેજોમાં પ્રવેશ માટે હાલમાં ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી ચાલી રહી છે. આ કાર્યવાહી ૩૧ મે સુધી ચાલશે. ત્યાર બાદ ૪ જૂનના રોજ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. ત્યાર બાદ ૮ જૂનના રોજ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓએ ૧૦ જૂનથી ૧૨ જૂન દરમિયાન કોલેજમાં જઈને ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવવાના રહેશે. બીએ કોલેજોમાં પણ ૧૨ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. ત્યાર બાદ ૧૩ જૂનના રોજ પ્રથમ રાઉન્ડના અંતે ખાલી પડેલી બેઠકો જાહેર કરાશે.

## ગાંધીજીનો વિનોદ

॥ ૩૯મો મણકો ॥

### ૧૦૦ - મહાત્માનો નિરાળો માર્ગ



ઈસ ૧૯૪૭ના ઑક્ટોબરની બીજી તારીખ હતી. તે દિવસે ગાંધીજીનો જન્મદિવસ હોવાથી અંતેવાસીઓ વહેલી સવારે તેમને વંદન કરવા આવ્યા હતા. વાતાવરણમાં પ્રસન્નતા હતી અને ગાંધીજી પણ ખુશમિજાજમાં હતા. કોઈકે ગમ્મત કરતાં કહ્યું, બાપુ! અમારી વરસગાંઠના દિવસે અમે સૌ પગે પડી આશીર્વાદ માગીએ છીએ, પણ તમારી બાબતમાં તેથી ઊલટું જ છે, એ વાજબી છે ?

અટ્ટહાસ્ય કરી ગાંધીજી બોલ્યા, મહાત્માઓના માર્ગ નિરાળા જ હોય છે. પણ એમાં મારો વાંક નથી. તમે મને મહાત્મા બનાવ્યો અને તેય બોગસ મહાત્મા ! એટલે એની સજા તમારે જ ભોગવવી જોઈએ.

આખો ઓરડો સૌના હાસ્યથી ગાજી ઊઠ્યો.

### ૧૦૧ - ભુલકણા એન્ડ્રુઝ

દીનબંધુ ઍન્ડ્રુઝ પ્રામાણિક, સેવાભાવી અને ગાંધીભક્ત અંગ્રેજ હતા. ગરીબોની સેવામાં જ એમણે પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું હતું. પણ તેમનો સ્વભાવ ભોળો અને ભુલકણો હતો. બાથરૂમમાં સ્નાન કરવા જાય તો કોઈ વાર કાંડાની ઘડિયાળ ભૂલી આવે. કોઈ પાસે કોઈ ચીજ લીધી હોય કે કોઈને આપી હોય તો કોની પાસેથી લીધી અને કોને આપી તે પણ અનેક વાર ભૂલી જાય. ગાંધીજી પાસે જરૂર પડ્યે તે પોતાનો પ્રવાસ-ખર્ચ લેતા. અને જે બચે તે આવીને પાછું આપી દેતા. પણ હિસાબનો મેળ બેસતો નહીં. એ તેમને ભુલકણા સ્વભાવને આભારી હતું. પણ ગાંધીજી તે સહી લેતા. એક વાર દીનબંધુ પ્રવાસે જવા નીકળ્યા. ત્યારે ગાંધીજીએ જોઈએ તે કરતાં વધારે પૈસા તેમના હાથમાં મૂક્યા.

આશ્ચર્ય પામી દીનબંધુએ તેનું કારણ પૂછ્યું.

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, વિસ્મરણથી ખોવા માટે પણ થોડા પૈસા વધારે જોઈએ ને !

વિનોદ સાથે તેમનો દોષ બતાવતાં વચનો સાંભળી દીનબંધુ પણ હસી પડ્યા.


'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# શિક્ષણમાં અંગ્રેજી કે અંગ્રેજીમાં શિક્ષણ ?

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી સુરેશ દલાલે કહ્યું છે : 'જે સહજ છે તેનું શાસ્ત્ર ન હોય.'

**માતૃભાષા-ચિંતન**
**હર્ષદ પ્ર. શાહ**

આ ઉક્તિને કેન્દ્રમાં રાખી થોડું વિચારીએ. જે માતા આપણને જન્મ આપે છે તેના પ્રત્યે એના સંતાનનો પ્રેમ હોવો સહજ છે. માતાને પ્રેમ કરવો જોઈએ એવું બાળકને શીખવવાની જરૂર ન હોય. પણ જો એ શીખવવું પડે તો તે અસહજ છે.

ખરેખર તો 'મા'ની બોલી સૌથી વહાલી હોય ! જે માતાએ જે ભાષામાં બોલતાં શિખવાડ્યું તે આપણી માતૃભાષા, જેમાં બોલીને આપણે મા પાસે દૂધ માગ્યું ને પોષણ મેળવ્યું. જે માનો પાલવ પકડીને આપણે નાનપણમાં ધમાચકડી મચાવી એ માની ભાષાને તરછોડવાનું કેમ પાલવે ?

માતૃભાષામાં જ આપણે જીવનનાં પ્રાથમિક અને સર્વોચ્ચ મૂલ્યોને પામ્યા. માતૃભાષાની કેડીએ પહેલું પગલું માંડીને આપણે જીવનના વિકાસપથ પર પગ મૂક્યો. એ જ ભાષાને જીવનપર્યંત પ્રેમ કરતા રહેવું સહજ છે, પણ એની ઉપેક્ષા, અવગણના, અવહેલના સરાસર અસહજ છે.

આજે આપણે જીવનના એવા મોડ પર આવીને ઊભા છીએ કે આપણે આપણી માતૃભાષાને ભૂલ્યા, એને તરછોડી અને પરભાષાને અનહદ પ્રેમ કરવા લાગ્યા. આપણે આપણને ભૂલી રહ્યા છીએ, કોમામાં સરી પડીએ એટલી હદ સુધી !

બોલવાનું અંગ્રેજીમાં, ખાવાનું અંગ્રેજીમાં, વાતચીત અને વ્યવહાર અંગ્રેજીમાં, હાવભાવ ને શરીરના લહેકા-લચકા અંગ્રેજીમાં, આપણા હસ્તાક્ષર અંગ્રેજીમાં.... અને થોડા વખત પછી કદાચ વિચારવાનુંય અંગ્રેજીમાં થશે. આપણે 'આપણે' નહીં રહીએ !

આત્મવિસ્મરણનો ભયાનક વ્યાધિ આપણને વળગ્યો છે. આપણે એક અતિ મત્ત્વના વિચારસૂત્ર તરફ ધ્યાન જ આપ્યું નથી...

ઍજ્યુકેશન ઈન ઈંગ્લિશ કે ઈંગ્લિશ ઈન ઍજ્યુકેશન ?

શિક્ષણમાં અંગ્રેજી કે અંગ્રેજીમાં શિક્ષણ ?

આપણે ન કરવાનું કરી બેઠા. આખેઆખું શિક્ષણ અંગ્રેજી ભાષામાં આપવા લાગ્યા... કેમ જાણે આખા ભારતને 'ઈંગ્લેન્ડ' ન બનાવી દેવાનું હોય ! અંગ્રેજોની ત્રમસો વર્ષની ગુલામી આપણે એટલી હદ સુધી પચાવી લીધી કે નવું રક્ત પણ ગુલામીની છાંટ સાથે અંગ્રેજિયતનું બનવા લાગ્યું. જાપાનમાં સામુહિક આત્મહત્યાને 'હારાકિરી' કહેવામાં આવે છે. શું આપણે 'હારાકિરી' તો નથી કરી રહ્યાને ?

સાવ સાદું તથ્ય તે જગત આખું સમજે છે, તે આપણે સમજતા નથી. જે વિષય, એટલે કે અંગ્રેજી, એક ભાષા તરીકે કે એક વિષય તરીકે શીખવવાનો હોય એને બદલે આખેઆખું શિક્ષણ અંગ્રેજી ભાષાને સોંપી દેવાનું ? આમાં તે કઈ બુદ્ધિમત્તા છે ? વ્યક્તિ, સમાજ, સરકાર બધાની બુદ્ધિ બહેર મારી ગઈ છે. જે આ તથ્યને, આ વાતને સમજે છે તે સંખ્યામાં થોડા છે અને બહુમત સમાજ સામે બોલવાની હિંમત પણ કદાચ એમનામાં નથી.

ખરેખર તો આપણે બધાએ ખૂબ શાંતિથી આ પ્રશ્નનો ઉત્તર શોધવાની જરૂર છે અને રાષ્ટ્રની પ્રકૃતિ-સંસ્કૃતિને અનુરૂપ શિક્ષણની પુનર્રચના કરવાની જરૂર છે.

આપણા મનનું દૂરબીન જરા વૈશ્વિક પટ તરફ ફેરવીએ. યુરોપના બધા દેશોમાં અંગ્રેજી એક ભાષા તરીકે કે એક વિષય તરીકે શિખવાડાય છે. નોર્વે, સ્વીડન, ડેન્માર્ક, ઈટાલી, ફ્રાન્સ, પોર્ટુગલ, સ્પેન, જર્મની, ઑસ્ટ્રિયા, રુમાનિયા, સ્વિટ્ઝરલેન્ડ, પૉલેન્ડ, બેલ્જિયમ, નેધરલેન્ડ, રશિયા, ગ્રીસ, બલ્ગેરિયા, બૈરિનિયા, ક્રોશિયા, યુગોસ્લાવિયા અને યુક્રેન જેવા દેશોમાં ક્યાંય શિક્ષણનું માધ્યમ અંગ્રેજી નથી અને પહેલા ધોરણથી વિષય તરીકે પણ નથી. આ બધા દેશો માતૃભાષાપ્રેમી છે અને પરભાષામાં ભણાવવાની વિકૃત અસરોથી સુપરિચિત છે. એ બધા જાણે છે કે પગરખાં ગ્લોબલ હોય તોય માથે તો ન મુકાય !

આ વાતનો કોઈ અવળો અર્થ ન કરે તે ઈચ્છવાજોગ છે. આ લખનાર કંઈ અંગ્રેજી ભાષાનો વિરોધી નથી જ, અંગ્રેજિયતનો જ વિરોધી છે... ગુલામીની કાળી છાયાનો જ વિરોધી છે. બાષા તો જગતની બધી સારી છે. પણ એવી જ કોઈ ભાષા અનેક ભાષાઓને ગળી જવાની મનીષા ધરાવતી હોય તો માતૃભાષાપ્રેમીઓ માટે એ લાલબત્તી છે, ચેતવણીરૂપ છે. એનું સાદું ઉદાહરણ તો છે - અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં ગુજરાતી બોલવા પરનો પ્રતિબંધ. જો અંગ્રેજી માધ્યમમાં ભણનારો વિદ્યાર્થી વિઘ્નહર્તા ગણેશજીને ઍલિફન્ટ ગૉડ અને હનુમાનજીને મન્કી ગૉડ કહેશે તો આપણાં આસ્થાકેન્દ્રો અને દેવી-દેવતાનો ઉપહાસ આપણાથી સહી શકાશે ?

અંગ્રેજીને જ્ઞાનભાષાનું સ્થાન કદાચ આપી શકાય, માતૃભાષાનું તો નહીં જ.... અને જ્ઞાનભાષા તો વિશ્વની કોઈ પણ ભાષાને કહી શકાય. એક કક્ષમાં જેમ અનેક બારીઓ હોય અને તેમાંથી જુદાં જુદાં દૃશ્યો જોઈ શકાય તેમ મનુષ્ય અનેક ભાષાઓ દ્વારા જ્ઞાનસંપદા વધારી શકે.

પણ, આંખ વેચીને ચશ્માં ખરીદવા જેવી મૂર્ખામી તો આપણે ન જ કરીએ. હવે તો આખું વિશ્વ જાણે છે કે માતાનું દૂધ જ સર્વોત્તમ છે, પોષક છે અને ગુણકારી છે. બોટલનું દૂધ માતાના દૂધ આગળ કોઈ વિસાતમાં નથી. એવી જ રીતે માતૃભાષા એટલે માતૃભાષા ! અનન્વય અલંકાર ! એની તોલે બીજી કોઈ ભાષા ન આવે... અને આવું જાણવા છતાં આપણે આંધળાભીંત થઈને સુવર્ણમૃગની જેમ પારકી ભાષાની પાછળ દોડીએ છીએ ! એ ભલે પ્રિય લાગતું હોય, શ્રેયસ્કર તો નથી જ. ટૂંકા ગાળાના લાભ એમાં ભલે દેખાતા હોય, દ્યુતસભામાં યુધિષ્ઠિર જેમ દ્રૌપદીની હોડ લગાવી બેઠા તેમ આપણે જીવનસર્વસ્વના સત્ત્વની હોડ લગાવી રહ્યા છીએ.

અંગ્રેજીના આક્રમણથી પોતાના દેશની સંસ્કૃતિ અને અસ્મિતાને બચાવવા માટે જગતના કેટલાક દેશોએ જે કામ કર્યું છે તેનો ઉલ્લેખ કરવો અત્રે સુસંગત થશે.

૧. જાપાન, જર્મની, ફ્રાંસ, રશિયા, ઈઝરાયેલ જેવા અનેક દેશોએ અંગ્રેજી ભાષા સહિત અનેક ભાષાના જ્ઞાનગ્રંથો અનુવાદકોની ઉત્તમ ટીમ દ્વારા પોતાની ભાષામાં અનૂદિત કર્યા છે, આ કાર્ય નિરંતર ચાલુ છે. તેથી ઉચ્ચ શિક્ષણ સુધીના બધા વિષયોનું જ્ઞાન એમને સ્વભાષામાં મળી રહે છે.

૨. વિદેશી પ્રવાસીઓને સરસ રીતે સાચવવા માટે, ફેરવવા માટે પોતાના ગાઈડોને અંગ્રેજી ભાષાનું ફાંકડું શિક્ષણ આપે છે. આ લખનારનો પોતાનો આવો અનુભવ જાપાનનો છે. તેથી જાપાનની ચિત્રભાષામાં કંઈ સમજણ ન પડે તો પણ ગાઈડ દ્વારા ઉત્તમ સમજૂતી અંગ્રેજી ભાષામાં મળી રહી.

પણ, આપણે આવાં કોઈ પગલાં લેવાની તકલીફ લેતા નથી... અને આખા સમાજને અંગ્રેજીમાં શિક્ષણની વ્યવસ્થાઓની વેતરણ કર્યા કરીએ છીએ. લાખો-કરોડો વિદ્યાર્થીઓ અંગ્રેજી શીખવા ૧૫-૧૫ વર્ષ વેડફે છે... કદાચ આ જ કામ બે વર્ષમાં સરસ રીતે કરી શકાયું હોત.

થોડું વિચારીએ...